

## @ગાંધીનગર

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સુરંગના હિંડોળા યોજાશે.

● સે-૨૨ ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ખાતે સવારે ૮.૩૦ કલાકે જૈન રામાયણ યોજાશે.

- **દિલીપ પ્રજાપતિ**
9725647197

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા અસરગ્રસ્તોને ફૂડપેકેટની સહાય

ગાંધીનગર, તા. ૩૧

બનાસકાંઠામાં અતિ ભારે વરસાદના લીધે અસરગ્રસ્તોને સહાય કરવા માટે જ્યોતિ મહિલા મંડળે ૨૦૦૦ જેટલા ફૂટપેકેટ્સ મોકલી આપ્યા છે. કુદરતી હોનારતો આવી પડે ત્યારે ૧૯૭૦ની સાલથી વિવિધ જાતની સહાય પુરી પાડવા સદાય તત્પર રહેતા જ્યોતિ મહિલા મંડળના સર્વશ્રી લત્તાબેન ચોકસીની આગેવાની હેઠળ જ્યોતિન્દ્રભાઈ વ્યાસે વિશિષ્ટ સહયોગ આપી સેવાકાર્ય કર્યુ હતુ. તદ્ઉપરાંત નીરૂબેન નાયક અને ડૉ. ચેતના બુચે પણ ઉમદા સેવા પુરી પાડી હતી.

## આરોગ્ય ટ્રસ્ટે ફુટ વિતરણ કર્યું

સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા સેક્ટર-૭માં આજરોજ આર્યોદય ટ્રસ્ટના કિલ્લોલ સાપરિયા, ગિતાંજલીબેન સાપરિયા અને ઉર્મિલાબેન મકવાણા દ્વારા શાળાની ગૌરીવ્રત કરતી બાળાઓને ફ્રુટ અને સુકામેવાનું વિતરણ કર્યુ હતુ. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કર્યો.

# શહેરની શાળા-કોલેજોમાં ગુરૂપૂર્ણિમાની ભાવપૂર્ણ ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

આજે ગાંધીનગરમાં ગુરૂ પૂર્ણિમાનો પાવન ઉત્સવ ભારે



ઉત્સાહ અને ભકિતપૂર્ણ માહોલમાં ઉજવાયો હતો. ગાંધીનગરની શાળા કોલેજોએ પણ ગુરૂપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે ખાસ આયોજનો હાથ ધર્યા હતા.

● **સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ**

કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવરમાં ગુરૂપૂર્ણિમા-પૂર્ણ ગરિમા કાર્યક્રમ હેઠળ ગુરૂવંદના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ ગુરૂભકિત સભર નૃત્યો તથા વકતવ્યો પ્રસ્તુત કર્યા હતા. અંગ્રેજી માધ્યમના પ્રિન્સીપાલ લલિતા અબ્રાહમ અને ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ અશોકભાઈ વ્યાસે બાળકોને સંબોધ્યા હતા. કાર્યક્રમનું સંકલન શિલ્પા પંડયા તથા કુસુમ રાઠીએ અને સંચાલન મૌસમી રાઠોડ તથા પલ્લવી મહેતાએ કર્યું હતું.

● **મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૧૬**

સે-૧૬ ખાતેની મહાત્મા મંદિર વિદ્યા વિહારમાં ગુરૂપૂર્ણિમા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનોને કંકુ-અક્ષતથી તિલક કરી ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. આચાર્ય કે.જી. બારોટે ગુરુજનોને લગતી સ્તુતિ રજુ કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુ.એમ. પરમારે કર્યું હતું.

● **શ્રી સ્વામીનારાયણ શિશુ વિદ્યાલય, સે-૨૨**



સ્વામીનારાયણ શિશુ વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમાની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. વર્ષાઋતુના આહલાદક વાતાવરણમાં પ.પૂ. હરિવલ્લભ સ્વામીજી અને પૂ. રામ સ્વામીજીના સાંનિધ્યમાં ગુરૂ વંદના કરાઈ હતી. કાર્યક્રમમાં પ્રાર્થના, ગીત, નાટક ભજનગાન તેમજ ઉત્તમ ગુરુભકિતના ચરિત્રનું રસપાન કરાવાયું હતું. શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલ અને કાંતિભાઈ પટેલે સુંદર વકતવ્ય આપી કાર્યક્રમને દીપાવ્યો હતો.

● **શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

સે-૭ખાતેની જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના-દીપ પ્રાગટય તેમજ શિક્ષકોનું સન્માન કરી કરવામાં આવી હતી. ચુડાસમા સાવિત્રી સોલંકી શ્રુતિકે ગુરૂપૂર્ણિમાના મહત્વ વિશે વકતવ્ય આપ્યું હતું અને પ્રસંગને અનુરૂપ શાળાના આચાર્ય પ્રવિણાબેને વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અંજલિ ગોલ, ખ્યાતિ ઉપાધ્યાય તથા આયોજન મનોરંજન મંત્રી ઉષાબેન દરજી અને અંકિતાબેને કર્યું હતું.

● **ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ગાંધીનગર**

અષાઢી પૂર્ણિમાના પાવન પર્વે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ શિક્ષકગણને પુષ્પગુચ્છ આપી ગુરુવંદના કરી હતી. ધો-૧૧નો વિદ્યાર્થી સ્મીત માટિન અને વિદ્યાર્થીની કુ. શતાક્ષી મોદીએ ગુરૂપૂર્ણિમાનું મહત્વ બતાવતું પ્રવચન આપ્યું હતું. તેમજ આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી તથા ડાયરેકટર શૈલેષભાઈ પંડયા, ડૉ. જયેન્દ્રભાઈ પાઠક દ્વારા ગુરુ-શિષ્ય સંબંધ અને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સંદર્ભે આર્શીવચન પાઠવ્યા હતા.

● **આરાધના વિદ્યા વિહાર, સે-૨૮**

આરાધના વિદ્યા વિહાર ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના અને ગુરુ વંદનાથી કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધો-૯ અને ધો-૧૦ વિદ્યાર્થીઓએ પોતાની આગવી શૈલીમાં ગુરુ મહિમા વર્ણવ્યો હતો તેમજ શિક્ષકોને કુમકુમ તિલક અને પુષ્પ આપી ગુરુવંદના કરી હતી. આચાર્યએ વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા.

● **શ્રી જે.એસ. પટેલ વિદ્યા મંદિર**

જે.એસ. પટેલ વિદ્યામંદિરમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ધો-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ગુરુના મહત્વ વિશે પોતાના વિચારો રજુ કરી આનંદ વ્યકત કર્યો હતો. શાળાના આર.જી. ગજ્જર, એન.એમ. સોલંકીએ પ્રસંગનું મહત્વ દ્દષ્ટાંત દ્વારા રજુ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી.

● **શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય**

વાવોલ ખાતે શ્રી એમ.બી.



પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં વ્યાસ પૂર્ણિમાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નિશા ઠાકોર, ભાવના ભરવાડ, વિરેન્દ્ર ગોલ, નિરાલી જાદવે ગુરુ પૂર્ણિમાના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ શાળાના વિદ્યાર્થીઓએ કંકુ તિલક અને ચરણ સ્પર્શ દ્વારા ગુરુ વંદના કરી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શિક્ષક એન.બી. પટેલે સુંદર રીતે કર્યું હતું.

● **સે-૨૩ એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા**

સે-૨૩માં આવેલ એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગને અનુરૂપ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમાં પ્રથમ દેવલ અમન, બીજો નંબર અંજલી પરમાર અને ત્રીજો નંબર હેત્વી જોશી, ચોથો નંબર ઈશીતા વ્યાસ તેમજ પાંચમો નંબર ધ્રુવી પટેલે મેળવ્યો હતો. આચાર્યએ વિદ્યાર્થીઓને ગુરૂપૂર્ણિમાના મહત્વ વિશે સમજ આપી શુભાશિષ પાઠવ્યા હતા તેમજ ગૌરીવ્રત નિમિત્તે ધો-૧ અને ૨ની તમામ બાલિકાઓને વેફર્સ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિમીષાબેન પટેલ, અલકાબેન અને મંજુલાબેન પટેલે કર્યું હતું.

● **શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર**

શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી ખુબ જ સુંદર રીતે કરાઈ હતી. જેમાં પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના બાળકોએ ગુરુ પૂર્ણિમા વિશે, ગુરુ જીવનનું મહત્વ, ગુરુ એ જીવનનો આદર્શ એ વિષય પર પોતાના વિચારો રજુ કર્યા હતા. શાળાના રમીલાબેન સી. બરંડા અને ડી.જી. ત્રિવેજીએ ગુરુ વંદના વિશે કિર્તન રજુ કર્યું હતું. આચાર્ય ડૉ. શાર્દુલભાઈ ગમારાએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં આજે ગુરૂપૂર્ણિમાનું પાવન પર્વ ભક્તિ ઉલ્લાસૂર્ણ માહોલમાં ઉજવાયું હતું. નગરની મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂવંદનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

● નગરમાં મંગળવારે વરસેલા તોફાની વરસાદમાં પડી ગયેલા વૃક્ષોના નિકાલમાં વન વિભાગ વ્યસ્ત છે. ઘણા નગરજનો તેમના ઘર પાસે પડેલા વૃક્ષોને હટાવવા વન વિભાગના કર્મચારીઓને આવવામાં વાર તથા જાતે મજૂરો બોલાવી ઝાડનો નિકાલ હાથ ધરી રહ્યા છે.

● આર્ટ ઓફ લીવિંગ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે યોજાયેલા રક્તદાન શિબિરમાં સે. ૨૧ના યુવાન શશાંક મહેતાએ રક્તદાન કર્યુ હતું. શશાંકનું રક્તગૃપ એબી નેગેટીવ છે અને ૧૫મી ઓગષ્ટથી તેઓ અમેરિકા ખાતે મિકેનીકલ એન્જિનીયરીંગનો અભ્યાસ કરવા જવાનો છે. તેમની ઈચ્છા વિદેશ જતા પહેલા દેશ માટે કંઈક કરવાની તેમની ઈચ્છા રક્તદાનથી પૂર્ણ થવા પામી હતી.

● ગાંધીનગરના સે. ૧માં સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નગરના અનેક અગ્રણી નગરજનોએ ભાગ લીધો હતો. પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીએ ગુરૂપરંપરા અંગે અહોભાવ અભિવ્યક્ત કરતું ઉદ્બોધન કર્યું હતું.

- **સમીર રામી**
9924446645

# સે-૪ના આંતરીક માર્ગ પર મહિલાનો દોરો ખેંચાયો

## બ્લેક બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ દોઢ તોલાનો દોરો લુંટી પળવારમાં રફ્ફુચક્કર

ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૪-સી ખાતે રહેતા મહિલા સેકટરના આંતરીક માર્ગ પર ચાલતા જઈ રહી હતી ત્યારે દશેક વાગ્યાના અરસામાં બ્લેક બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સે તેણીના ગળામાં હાથ માર્યો હતો. સોનાનો દોઢ તોલાનો દોરો ખેંચીને પળવારમાં બંને શખ્સો રફ્ફુચક્કર થઈ ગયા હતા. મહિલાની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૪-સી પ્લોટ નં. ૬૩૬/૧ ખાતે રહેતા કાંતાબેન રાધવભાઈ રાઠોડ આજે સવારે દશેક વાગ્યાના અરસામાં પોતાના સેકટરના આંતરીક માર્ગ પરથી કોઈ કામથી ચાલતા જઈ રહ્યા હતા. બ્લેક બાઈક લઈને આવેલા બે ચેઈન સ્નેચર્સ તેમની નજીક પહોંચ્યા અને પાછળ બેઠેલા શખ્સે ગળામાં હાથ મારી સોનાનો દોઢ તોલા વજનનો રૂ. ૩૦ હજારની કિંમતનો દોરો લુંટી લીધો હતો. દોરો લુંટીને બાઈક પર બેસી બંને શખ્સો ભાગ્યા હતાં.

મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં બંને શખ્સો ગાયબ થઈ ગયા હતા. કાંતાબેનની ફરિયાદને આધારે સે-૭ પોલીસ મથકના પીએસઆઈ બોડાણાએ લુંટનો ગુનો દાખલ કરી ચેઈન સ્નેચર્સને પકડવા તજવીજ શરુ કરી છે.

# કલોલ શહેરમા મહેસાણા અર્બન બેંકનું તાળુ તુટયુ

## એક પાન પાર્લરમાંથી ૫ હજાર રોકડા અને ચાંદીનાં બે સિક્કા તસ્કરો ચોરી ગયા : ગૌશાળા દાન પેટીને પણ ચોરોએ ન છોડી...!

ગાંધીનગર, તા.૩૧

કલોલ શહરના વેપારી જીન વિસ્તારમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકી સક્રીય થઈ હતી. મહેસાણા અર્બન કો.ઓ. બેંકના શટરનું તાળુ તોડી ચોરીનો પ્રયાસ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે તે ઉપરાંત બેંકની સામે સ્થિત એક પાન પાર્લરનું તાળુ તોડી રૂ. ૫ હજાર રોકડા તથા ચાંદીના બે સિક્કાની ચોરી કરી ગૌ શાળા દાનપેટીને પણ ચોરોએ છોડી ન હતી. આ બનાવ અંગે કલોલ સીટી પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

જિલ્લાના કલોલ શહેર વિસ્તારમાં સ્થિત મહેસાણા અર્બન કો. ઓપરેટીવ બેંકને કોઈ ટોળકીએ રાત્રી દરમિયાન ટાર્ગેટ બનાવી હતી. બેંકના શટરનું તાળુ તોડીને ચોરી કરવાનો પ્રયાસ તસ્કરોએ કર્યો હતો. જો કે નાકામીયાબ રહ્યા હતાં. બેંક મેનેજર બિપીનભાઈ હરજીવનભાઈ પટેલને સવારે ચોરીના પ્રયાસ અંગે જાણ થતાં કલોલ શહેરમાં ફરિયાદ આપી કે જેને પગલે કલોલ શહેર પોલીસે તથા એફએસએલ અધિકારી જી.પી. દરબારે બનાવ સ્થળે પહોંચી તપાસ શરુ કરી હતી. તો બીજી તરફ રાતનાં જ સમયગાળામાં બેંકની સામે આવેલા સંદીપ જી. બારોટના બંસરી પાન પાર્લરનું પણ તાળુ તુટયું હતું. તેમાંથી રૂ. ૫ હજાર રોકડા, લક્ષ્મીજીના ચાંદીના બે સિક્કા અને ભાભર ગૌશાળા દાન પેટીમાંથી અંદાજે રૂ. ૧૨૦૦ની ચોરી કરી ચોરો ભાગી ગયા હતા. કલોલ શહેર પોલીસ મથકના સેકન્ડ પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીએ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ આરંભી છે.

# આર્ટ ઓફ લીવિંગ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે રક્તદાન કાર્યક્રમ યોજાયો

## નગરના અગ્રણી રક્તદાતા સુકેતુ મહેતાએ ૧૨૬મી વાર રક્તદાન કર્યું

ગાંધીનગર, તા. ૩૧

આર્ટ ઓફ લીવિંગના ગાંધીનગર એકમ દ્વારા આજે



ગુરૂપૂર્ણિમા નિમિત્તે મહાસુદર્શન ક્રિયા અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સે. ૧૨માં બલરામ મંદિર પરિસરમાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં કુલ ૪૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં નગરના અગ્રણી સુકેતુ મહેતાએ ૧૨૬મી વાર રક્તદાન કર્યું હતું. આર્ટ ઓફ લીવિંગ દ્વારા ૧૯૮૮ની સાલથી દર વર્ષે ગુરૂપૂર્ણિમા નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલા રક્તદાન કેમ્પમાં નગરના અગ્રણી રક્તદાતા સુકેતુ મહેતાએ ભાગ લીધો હતો અને તેમનું ૧૨૬મી વારનું રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પમાં કુલ ૪૦ બોટલ રક્ત એકત્ર કર્યુ હતું. આ ઉપરાંત આર્ટ ઓફ લીવિંગ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગાંધીનગરના ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકોને નમકીનના ૨૫૦ ગ્રામના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાત્રે બલરામ ભવન ખાતે સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. **(કશ્યપ નિમાવત)**

# બીબીએ કોલેજમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સ્થિત બી.પી. કોલેજ ઓફ બીબીએ કોલેજમાં દર વર્ષની જેમ પરંપરાગત રીતે ગુરૂ-શિષ્યનું મહિમા વર્ણવતા ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણના માધ્યમથી સંસ્કારો અને સંસ્કૃતિનું જતન કરવાના ઉદ્દેશથી બીબીએ સે-૨૩ ખાતે ગુરૂ પૂર્ણિમા પર્વ મનાવવામાં આવ્યું હતું. કોલેજમાં 'ગુરૂ એ જ સાચા પથ દર્શક' વિષય પર વકતૃત્વ સ્પર્ધા, કાવ્ય પઠન, ગાયન, અભિયન, ચિત્રકળા, સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. કોલેજના દરેક વિદ્યાર્થીઓએ પોતાના ગુરુનું સ્મરણ કરી ઉજવણી કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરવ જોશી, ડૉ. રમાકાન્ત પુષ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.



# ''ટેકોન્ડો યલો બેલ્ટ'' પ્રતિયોગિતામાં વિજેતા

લેંકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગના બાળકોએ ગાંધીનગર ટેકોન્ડો એસોસિએશન દ્વારા આયોજીત યલો બેલ્ટ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. જેમાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ યલો બેલ્ટ પ્રતિયોગિતામાં વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા વિદ્યાર્થીઓને ગાંધીનગર ટેકોન્ડો એસોસિએશન દ્વારા યલો બેલ્ટ તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠનવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● સ્વ. લીલાવતીબેન સોની (ઉ.વ.૮૨) બી/૧, પ્લોટ નં. ૨૦૦, સે-૨૨, ગાંધીનગર

# સ્કૂલ ઓફ એચિવરમાં ગુરૂપુર્ણિમા પર્વની ભાવપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૩૧

ગુરૂપૂર્ણિમા પૂર્ણગરિમા સાથે સ્કૂલ ઓફ એચિવર કુડાસણમાં ગુરૂપૂર્ણિમા પર્વ મનાવવામાં આવ્યું અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુરૂ-શિષ્યને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ગુરૂજીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.



હતું. શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષકોનું કંકુ-તિલક કરી પૂજન અને વંદન કર્યું હતું. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

સ્કૂલ ઓફ એચિવર કુડાસણમાં ગુરૂપૂર્ણિમા પર્વ ધામધૂમથી, આનંદ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં મનાવવામાં આવ્યું હતું. શાળાના ગુજરાતી

ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ અશોકભાઈ વ્યાસે ગુરૂ-શિષ્યના મધુર સબંધની ગાથા રજૂ કરી હતી અને 'મારૂ તારૂ ને ગમતુ પણ લાવ, કરીએ સહિયારુ ! કવિતા રજૂ કરી હતી. કાર્યક્રમનું સંકલન શિલ્પા પંડ્યા અને કુસુમ રાઠીએ તેમજ સંચાલન મૌસમી રાઠોડ અને પલ્લવી મહેતાએ કર્યુ હતું.

## આર્મીગેટ પાસેથી આધેડનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સ્થિત આર્મી કેમ્પના ગેટ સામે બસ સ્ટેન્ડ પાસેથી ગઈકાલે આશરે ૫૦ વર્ષના આધેડનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. ચિલોડા પોલીસે મૃતકના પરિવારજનો સુધી પહોંચવા તેની ઓળખવિધી માટે પણ તપાસ શરૂ કરી છે. મૃતકના શરીરે સફેદ રંગનું શર્ટ અને સ્લેટીયા રંગનું પેન્ટ પહેર્યુ છે.

# એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ગુરુવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગુરુ બ્રહ્મા...ગુરુર વિષ્ણુ.. ગુરુર દેવો મહેશ્વરા... જગતમાં અને ખાસ કરીને ભારતીય સંસ્કૃતિમાં ગુરુને પૂજય ગણવામાં આવ્યા છે.ઈશ્વરનો સાક્ષાત્કાર જેના થકી શકય બને છે સર્વ જ્ઞાન જેના થકી પ્રાપ્ત થાય છે તે ગુરુને વંદન કરવાનો દિવસ એટલે ગુરુ પૂર્ણિમા. આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ગુરુ પૂર્ણિમાની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ધ્યાનમાં રાખીને પૌરાણિક ગુરુઓ અને મહાઋષિઓ જેવા કે વેદ વ્યાસ, ગુરુ વાલ્મીકી, ગુરુ પતંજલિ, ગુરુ દ્રોણાચાર્ય તથા આધુનિક ગુરુઓ જેમ કે ડૉ. અબ્દુલ કલામ, ગુરુવાર રવિન્દ્રનાથ ટાગોર વગેરે વિષે દરેક કલાસને પ્રેઝન્ટેશનની થીમ આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્યશ્રી ડૉ. વિજ્ઞા ઓઝા તથા દરેક અધ્યાપકને કંકુ-તિલક કરી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુઓના જીવન ચરિત્ર પરથી નાટક રજુ કરીને તેમના જીવનની ઝાંખી જીવંત કરી હતી તેમજ આ થીમ ઉપર કલાસ ડેકોરેશન કર્યું હતું. તેમણે ગુરુનું જીવનમાં શું મહત્વ છે તે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રા. દીપલ કોઠીયા અને ગ્રંથપાલ શ્રદ્ધા પંડયાએ કર્યું હતું.